## મોદી નવી બંધાતી સંસદની મુલાકાતે....



■ અમેરિકાથી નિર્ધારિત કાર્યક્રમ કરતા એક દિવસ વહેલા સ્વદેશ પરત આવી ગયેલા વડાપ્રધાન મોદીએ નરેન્દ્ર મોદીએ રવિવારે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના સ્થળની મુલાકાત લીધી હતી. આ પ્રોજેક્ટ હેઠળ નવું સંસદ ભવન બંધાઇ રહ્યું છે. મોદીએ આ બાંધકામ સ્થળની મુલાકાત લઇને ઇજનેરો સાથે વાતચીત કરી હતી. આ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ ઘણો વિવાદસ્પદ બન્યો છે અને અદાલતમાં પણ ગયો છે.

# દેશમાં કોરોનાના નવા 28,326 કેસ અને 260 મોત

**દૈનિક પોઝિટિવિટી** રેટ છેલ્લા ૨૭ દિવસથી ત્રણ ટકા કરતા ઓછો

નવી દિલ્હી, તા.26 (પીટીઆઈ) ભારતમાં એક દિવસમાં કોરોનાના નવા 28,326 કેસ નોંધાયા છે. આ સાથે અત્યાર સુધી નોંધાયેલા કુલ કેસનો આંક વધીને 3,36,52,745 પર પહોંચી ગયો છે. એમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રવિવારે આંકડા જાહેર કરતાં જણાવ્યું હતું.

સવારે 8 વાગ્યે અપડેટ કરાયેલા આંકડા મુજબ, કોરોનાના કારણે વધુ 260 મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને 4,46,918 પર પહોંચી ગયો છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, સક્રિય કેસો વધીને 3,03,476 થઈ ગયા છે. જે કુલ કેસનો 0.90 ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે, કોરોના સામે સાજા થવાનો દર 97.77 ટકા નોંધાયો છે. છેલ્લા 24 કલાકના ગાળામાં સક્રિય કેસલોડમાં 2,034 કેસનો વધારો થયો છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દૈનિક સંક્રમણ દર 1.90 ટકા નોંધાયો છે. જે છેલ્લા 27 દિવસથી 3 ટકાથી ઓછો રહ્યો છે. જ્યારે, સાપ્તાહિક સંક્રમણ દર 1.98 ટકા નોંધાયો છે. જે છેલ્લા 93 દિવસથી 3 ટકાથી ઓછો રહ્યો છે.

કોરોનાને માત આપી સ્વસ્થ થનાર લોકોની સંખ્યા વધીને 3,29,02,351 થઈ ગઈ છે. જ્યારે, મૃત્યુદર 1.33 ટકા નોંધાયો છે.

દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધી રસીના કુલ 85.60 કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

દેશમાં મૃત્યુ પામેલા 260 લોકોમાં કેરળનાં 120 અને મહારાષ્ટ્રનાં 58 લોકોનો સમાવેશ થાય છે.

# બિકાનેરના જૈન જ્ઞાનભંડારમાં ૭૫,૦૦૦ પ્રાચીન હસ્તપ્રતોનો સંગ્રહ છે

આધુનિક કાળમાં પણ જો એક શ્રદ્ધાસંપન્ન ગૃહસ્થ ધારે તો શ્રુતરક્ષાનું કેટલું મોટું કાર્ય કરી શકે તેનું ઉદાહરણ બિકાનેરનો શ્રી અભય જૈન ગ્રંથાલય છે. વિક્રમ સંવત ૧૯૮૪ ની વસંત પંચમીના દિવસે બિકાનેર પધારેલા જૈનચાર્યશ્રી જિનકૃપાચંદ્રસૂરિજીએ પ્રવચનમાં શ્રુતરક્ષાનો અચિંત્ય મહિમા વર્ણવ્યો. તેમણે કહ્યું કે "મેં અહીંના પ્રાચીન જ્ઞાનભંડારોનો જીર્ણોદ્ધાર કરવા જ બિકાનેરમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો છે." તેમનું પ્રવચન સાંભળી ૧૭ વર્ષના લબરમૂછિયા યુવાન અગરચંદ નાહટાને અને તેમના જેટલી જ ઉંમર ધરાવતા ભત્રીજા ભંવરલાલ નાહટાને અખૂટ પ્રેરણાનું પાથેય પૂરું પાડ્યું. બંને યુવાનોએ સંકલ્પ કર્યો કે તેઓ પોતાની તમામ શક્તિ શ્રુતરક્ષાના અને શ્રુતસંરક્ષણના કાર્યમાં લગાવી દેશે. આ દિવસોમાં બોમ્બે હાઈ કોર્ટના વકીલ મોહનલાલ દલીચંદ દેસાઈએ 'કવિવર સમયસુંદર' નામના ગ્રંથનું આલેખન કર્યું હતું. આ પુસ્તક જોઈ અગરચંદે અને ભંવરલાલે વિચાર્યું કે એક વકીલ મુંબઈમાં રહીને પણ શ્રુતની આટલી સેવા કરતા હોય તો તેઓ કેવી રીતે પાછળ રહી શકે? તેમણે શ્રી સમયસુંદરજી ગણિ બાબતમાં સંશોધન આગળ ધપાવવાનો નિર્ણય કર્યો.

બિકાનેરના શ્રી મહાવીર જૈન મંડલના પુસ્તકાલયનું અવલોકન કરતાં તેમને વિ.સં. ૧૮૦૪ માં લખાયેલો એક ગુટકો મળી આવ્યો, જેમાં શ્રી સમયસુંદરજી ગણિની અનેક કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. કાકા-ભત્રીજાનો ઉત્સાહ વધી ગયો અને તેમણે બમણા જોશથી પોતાન કાર્યને આગળ ધપાવ્યું. શ્રી સમયસુંદરજીની કૃતિઓની શોધ કરતાં તેમણે અનેક ગ્રંથો જોયા. તેમાં જે કવિઓની રચના ગમે તેને તેઓ પોતાના સંગ્રહમાં રાખી લેતા.

એક વખત અગરચંદ અને ભંવરલાલને ખબર પડી કે મોટા ઉપાશ્રયમાં જૂના ગ્રંથોના ઢગલાઓ પડ્યા છે, જેને તેઓ પસ્તીમાં વેચવાનો વિચાર કરી રહ્યા હતા. તેમણે એ બધા ગ્રંથો ખરીદી લીધા. તેમાં તેમને અનેક ઉપયોગી હસ્તપ્રતો પ્રાપ્ત થઈ. આ રીતે રાજસ્થાનમાં ક્યાંય પણ જૂના ગ્રંથો પસ્તીમાં આવે કે યોગ્ય કિંમતે વેચાવા આવે તેને તેઓ ખરીદી લેતા. ક્યારેય તેમની પાસે આખો ગ્રંથ આવવાને બદલે અનેક ગ્રંથોના છૂટાં પાનાંઓનો ઢગલો આવતો. તેઓ દિવસો સુધી મહેનત કરીને આ છૂટાં પાનાંઓ ગોઠવતા અને જૂના ગ્રંથોનું પુનઃનિર્માણ કરતા. ધીમે ધીમે તેમનો સંગ્રહ વિસ્તૃત થતો ગયો. તેમનાં ઘરમાં જગ્યા ઓછી પડવા લાગી એટલે વિ.સં. ૨૦૦૦ માં તેમણે જ્ઞાનભંડાર અને કલાભવન તરીકે ઉપયોગમાં લેવા ચાર માળના મકાનનું નિર્માણ કરાવ્યું.

પ્રારંભમાં ભવનના ભોંયતળિયે જ હસ્તપ્રતોનો સંગ્રહ રાખવામાં આવ્યો હતો. આ ગ્રંથાલયને શ્રી અગરચંદ નાહટાના સ્વર્ગસ્થ વડીલ બંધુ શ્રી અભયરાજની સ્મૃતિમાં શ્રી અભય જૈન ગ્રંથાલય નામ આપવામાં આવ્યું છે. થોડા સમયમાં ગ્રંથોની સંખ્યા વધતી ગઈ. ભોંયતળિયું ગ્રંથોથી ભરાઈ ગયું. વધુ ગ્રંથોનો સમાવેશ કરવા બીજા માળે પણ ગ્રંથો ગોઠવવામાં આવ્યા. એમ કરતાં ભવનનો ત્રીજો માળ પણ જ્ઞાનભંડારમાં રોકાઈ ગયો. ચોથા માળે શંકરદાન નાહટા કલાભવન (મ્યુઝિયમ) બનાવવામાં આવ્યું હતું, જેને અગરચંદ નાહટાએ પોતાના પિતાશ્રીનું નામ આપ્યું હતું.

આજની તારીખમાં આ જ્ઞાનભંડારમાં આશરે ૭૫,૦૦૦ હસ્તલિખિત ગ્રંથો ઉપરાંત ૫૦,૦૦૦ મુદ્રિત પુસ્તકો ઉપલબ્ધ છે. અહીં જૈન ધર્મના તેમ જ અન્ય આશરે ૪૫૦ મેગેઝિનો અને પત્રિકાઓની વર્ષવાર ફાઈલો સાચવીને રાખવામાં આવી છે.

શ્રી અભય જૈન ગ્રંથાલયમાં ઈ.સ.ની તેરમી સદીથી લઈને અર્વાચીન કાળના ગ્રંથો ઉપલબ્ધ છે. જે હસ્તપ્રતો છે તે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી, ગુજરાતી, રાજસ્થાની, ઉત્કલ, શારદા, ઠાકરી, કન્નડ, તામિલ, બાંગ્લા, પંજાબી, સિંધી, ઉર્દૂ, ફારસી આદિ અનેક ભાષાઓમાં છે. અનેક ગ્રંથો એવા છે કે જેની બીજી એક પણ નકલ ભારતના કોઈ જ્ઞાનભંડારમાં જોવા મળતી નથી. ચોથા માળે આવેલા કલભવનમાં ૧૪મી સદીમાં તાડપત્ર ઉપર લખાયેલા નાગરી લિપિના અને ૧૭ મી સદીમાં તાડપત્ર ઉપર લખાયેલા નાગરી લિપિના બાંગ્લા ગ્રંથો ખાસ ઉલ્લેખનીય છે. તદુપરાંત ઓસવાળ જાતિના અનેક ગોત્રની વંશાવળીઓ અને વહીઓનો સંગ્રહ જોવા મળે છે. રાજાઓના હાથે લખવામાં આવેલાં અનેક ફરમાનો અને પત્રોનો તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. ૧૬ મી સદીના ગુટકાઓ ઉપર વિવિધ રંગો વડે બોર્ડરો બનાવવામાં આવી છે અને ચિત્રકામ પણ કરવામાં આવ્યું છે. શ્રી અભય જૈન ગ્રંથાલયમાં શ્રી કલ્પસૂત્રની સ્વર્ણાક્ષરી પ્રાચીન હસ્તપ્રત પણ સાચવીને રાખવામાં આવી છે. વિક્રમ સંવત ૧૬૪૭ આસપાસ કાપડ ઉપર લખવામાં આવેલાં '૧૨ વરત રાસ' અને 'હરમાગરણ' જેવી કૃતિઓ આ જ્ઞાનભંડારની વિશેષતા છે.



ટુંક પોઇન્ટ
■ સમકિત શાહ ■

૧૪મી સદીના જૈનાચાર્યશ્રી તરુણપ્રભસૂરિજીનું કપડાં પર બનેલું રંગીન ચિત્ર અને ૭૦૦ વર્ષ પ્રાચીન બૌદ્ધ ચિત્રપટ પણ ઉલ્લેખનીય છે. આ ચિત્રમાં બૌદ્ધ મત મુજબના ૮૪ સિદ્ધો સાથે ગૌતમ બુદ્ધની ૨૦ મુદ્રાઓ દર્શાવવામાં આવી છે. કલાભવનમાં આશરે ૧૫૦૦ વર્ષ પ્રાચીન રાજગૃહીની શિલા પણ લાવીને રાખવામાં આવી છે. આ શિલા ઉપર પ્રાચીન લિપિમાં કોઈ લેપ કોતરેલો છે. આશરે ૨,૦૦૦ વર્ષ પુરાણા સિક્કાઓ પણ તેમાં રાખવામાં આવ્યા છે. આ મ્યુઝિયમમાં પ્રાચીન અનેક સામગ્રીઓ રાખવામાં આવી છે.

બિકાનેરનો શ્રી અભય જૈન ગ્રંથાલય દેશવિદેશના સ્કોલરો અને સંશોધકોનો પણ માનીતો છે. રાજસ્થાનના પ્રખ્યાત લેખક અને સાહિત્યકાર રામનિવાસ શર્માએ આ ગ્રંથાલયને ભારતનો એક અણમોલ ખજાનો ગણાવ્યો છે.

વાસુદેવશરણ અગ્રવાલ નામના વિદ્વાન કહે છે કે "શ્રી અગરચંદ નાહટાએ એકલાએ એક સંસ્થા જેવું કામ કર્યું છે. આવનારી પેઢીઓ તેમની ખૂબ આભારી રહેશે."

પૂનાની વાડિયા કોલેજના સંસ્કૃતના પ્રોફેસર પી.એલ. વૈદ્યએ આ ગ્રંથાલયને 'આશ્ચર્યજનક અને કીમતી સંગ્રહ' તરીકે બિરદાવ્યો હતો. અમદાવાદના સ્કોલર જિતેન્દ્ર જેટલીના શબ્દોમાં "આ સંગ્રહ જોઈને મને એટલા માટે વિશ્વાસ અને પ્રસન્નતા થઈ કે આ જમાનામાં પણ અભ્યાસ અને સંશોધન યોગ્ય પ્રાચીન ગ્રંથો અને કલાકૃતિઓનો આવો સંગ્રહ આટલી વ્યવસ્થિત રીતે કોઈ સંસ્થાએ નહીં પણ એક વ્યક્તિએ ઊભો કર્યો છે." વારાણસીના હિન્દુ વિશ્વવિદ્યાલયના ઉદયશંકર શાસ્ત્રી કહે છે કે "આ અદ્ભૂત સંગ્રહમાં એટલાં બધાં રત્નો પડ્યા છે કે તેની કિંમત વધતી જ રહેવાની છે."

દિલ્હી વિશ્વવિદ્યાલયના ડો. દશરથ ઓઝા એ લખ્યું છે કે "નાહટાજીનું સંગ્રહાલય ભારતની એક અમૂલ્ય મૂડી છે. સરકારની કોઈપણ સહાય વિના આટલો મોટો સંગ્રહ ઊભો કરવો એ નાહટાજી જેવા સરસ્વતીના ઉપાસક માટે જ શક્ય છે. જે કાર્ય કાશીમાં નાગરી પ્રચારિણી સભાએ સરકારી આર્થિક મદદથી અને અનેક લોકોના સહયોગથી પૂર્ણ કર્યું તે કાર્ય રાજસ્થાનમાં એક વ્યક્તિએ માત્ર પોતાની સાધનાથી પૂર્ણ કર્યું છે. લંડન વિશ્વવિદ્યાલયના ડબ્લ્યુ. એસ. કુલાએ પણ આ સંગ્રહને "Most interesting and so fine collection of books, manuscripts and objects of art" તરીકે બિરદાવ્યો છે.

**આ જ્ઞાનભંડારમાં આશરે ૫૦,૦૦૦ મુદ્રિત પુસ્તકો ઉપલબ્ધ છે. અહીં જૈન ધર્મના તેમ જ અન્ય આશરે ૪૫૦ મેગેઝિનો અને પત્રિકાઓની વર્ષવાર ફાઈલો સાચવીને રાખવામાં આવી છે**

## તાલિબાન અંગે અમેરિકા, ચીન અને પાકિસ્તાન સાથે સંકલનમાં છીએઃ રશિયા

સંયુક્ત રાષ્ટ્રો, તા. 26 (એપી): રશિયા, ચીન, પાકિસ્તાન અને અમેરિકા સાથે મળીને એ વાતની ખાતરી કરી રહ્યા છીએ કે નવા તાલિબાન શાસકો પોતાના વચન પાળે, ખાસ કરીને ખરા અર્થમાં પ્રતિનિધિત્વવાળી સરકાર અને ઉગ્રવાદને ફેલાતા અટકાવવું, એમ રશિયાના વિદેશ પ્રધાને શનિવારે કહ્યું હતું.

સર્ગેઈ લાવરોવે કહ્યું હતું કે આ ચારેય દેશો આપસમાં સંપર્કમાં છે. રશિયા, ચીન અને પાકિસ્તાનના પ્રતિનિધિઓ હાલમાં કતાર ગયા હતા અને ત્યારબાદ અફઘાનિસ્તાનના પાટનગર કાબુલ ગયા હતા અહીં તેમણે તાલિબાન અને 'બિનસાંપ્રદાયિક સરકાર'ના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી, આ બંને પદ પરથી ઉતારી દેવામાં આવેલી સરકારની વાટાઘાટ તાલિબાન સાથે કરી રહ્યા છે. લાવરોવે કહ્યું હતું કે તાલિબાન દ્વારા જાહેર કરાયેલી વચગાળાની સરકાર અફઘાન સમાજ, વંશીય-ધર્મ અને રાજકીય દળોના પૂર્ણ વિસ્તારનું પ્રતિનિધિત્વ નથી કરતી આ કારણથી અમે સંપર્કમાં છીએ. તાલિબાને સમાવેશી સરકારનું વચન આપ્યું હતું જે અગાઉની તાલિબાન સરકાર (1996થી 2001) કરતા વધુ મુક્ત વિચારોની હોય ખાસ કરીને મહિલાઓના હકોનું સન્માન કરતી હોય. પણ હાલમાં જ તાલિબાને લીધેલાં પગલાંઓ સંકેત કરે છે કે વર્તમાન સરકાર મહિલાઓ અને છોકરીઓ પ્રત્યે વધુ દમનકારી નીતિઓ લાવશે.

## મહારાષ્ટ્રમાં સિનેમા હૉલ ખોલવાની જાહેરાત થતાં જ મોટી ફિલ્મોની રીલીઝ ડેટ સામે આવવા લાગી

**રોહિત શેટ્ટીની** 'સૂર્યવંશી' દિવાળી પર સિનેમા હોલમાં રજૂ થશે, આમિરની 'લાલ સિંહ ચઢ્ઢા' હવે 2022ના વેલેન્ટાઈન ડે પર રજૂ થશે

મુંબઈ, તા. 26 (પીટીઆઈ): મોટી બોલિવુડ ફિલ્મોના નિર્માતાઓએ તેમની ફિલ્મોને સિનેમા હૉલમાં રજૂ કરવાની નવી તારીખો જાહેર કરી હતી કારણ કે મહારાષ્ટ્ર સરકારે આવતા મહિનેથી સિનેમા હૉલ શરૂ કરવાના આદેશ આપ્યા છે. જે ફિલ્મોને રજૂ કરવાની તારીખ જાહેર કરાઈ છે તેમાં આમિર ખાનની 'લાલ સિંહ ચઢ્ઢા', અક્ષય કુમારની 'પૃથ્વીરાજ' અને 'બચ્ચન પાંડે', રણબીર કપૂરની 'શમશેરા' અને રણવીર સિંહની '83' સામેલ છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ શનિવારે જાહેરાત કરી હતી કે સિનેમા હૉલ અને ડ્રામા થિએટર 22 ઓક્ટોબરથી શરૂ કરી શકાશે. થોડા જ કલાકોમાં ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીએ જાહેર કર્યું હતું કે તેની 'સૂર્યવંશી' દિવાળી પર સિનેમા હૉલમાં રજૂ થશે. આમિરની 'લાલ સિંહ ચઢ્ઢા' હવે ડિસેમ્બરના બદલે 2022ના વેલેન્ટાઈન ડે પર રજૂ થશે.

રણવીરની ક્રિકેટ ડ્રામા '83' ડિસેમ્બર મહિનામાં થિએટરોમાં રજૂ થશે. બીજી બાજુ રણબીર કપૂની 'શમશેરા' થિએટરોમાં 18 માર્ચ, 2022ના રોજ રજૂ થશે. જ્યારે અભિનેતા શાહીદ કપૂરની 'જર્સી' 31 ડિસેમ્બરના રોજ સિનેમા હૉલમાં રજૂ થશે.

## તાલિબાનોએ યુએનની સામાન્ય સભાને સંબોધવા માટે પત્ર લખ્યો!

કાબુલ, તા.26 (એપી) એક મહિનાથી થોડો વધારે સમય થઈ ગયો છે, જ્યારે કલાશ્નિકોવ ધારી તાલિબાન યોદ્ધાઓ પોતાની ભારે દાઢી, હાઈટોપ સ્નીકર્સ અને શલવાર કમીઝમાં અફઘાન રાજધાની પર ઉતર્યા હતા. હવે તેઓ રાષ્ટ્રોના ક્લબમાં સીટ માટે પ્રયાસ કરી રહ્યા છે અને બીજી વાર શાસન કરવાનો પ્રયાસ કરતી વખતે તેમના શાસનને આંતરરાષ્ટ્રીય માન્યતા માટે પ્રયાસ કરી રહ્યા છે. જે કોઈ પણ દેશે તેમને આપી નથી.

તાલિબાને સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખીને ન્યૂયોર્કમાં ચાલી રહેલી નેતાઓની યુએન જનરલ એસેમ્બલીની બેઠકને સંબોધવાની વિનંતી કરી હતી.

તેઓ દલીલ કરે છે કે, તેમની પાસે સરકારની માન્યતા માટે તમામ જરૂરી જરૂરિયાતો છે. યુએને તાલિબાનની વિનંતીનો અસરકારક રીતે જવાબ આપ્યો કે, આટલી ઝડપથી થઈ શકે નહીં.

# ૬ મહિનાના કાર્યકાળ માટે બનેલા ભારતના મંગળયાને ૭ વર્ષ પુરા કર્યા !

**મિશનના પ્રોગ્રામ** ડાયરેક્ટર અનુસાર, આ મિશન હજુ એક વર્ષ કાર્યરત રહેવાની શક્યતાઃ આ યાને મિશનના તમામ ઉદ્દેશો પૂરા કર્યા છે



બેંગલુરુ, તા.26 (પીટીઆઇ): ભારતના માર્સ ઓર્બિટર સ્પેસક્રાફ્ટે તેની ભ્રમણકક્ષામાં સાત વર્ષ પૂરા કર્યા છે. જે તેના છ મહિનાના ડિઝાઈન કરેલા મિશનના સમય કરતાં ઘણા વધારે છે.

માર્સ ઓર્બિટર મિશન (મંગલયાન) ટીમનું નેતૃત્વ કરનાર ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગનાઈઝેશન (ઇસરો)ના તત્કાલિન અધ્યક્ષ કે રાધાકૃષ્ણને કહ્યું કે, જે ખરેખર એક સંતોષજનક લાગણી છે.

માર્સ ઓર્બિટર મિશન ઇસરોનું પ્રથમ આંતરગ્રહીય મિશન છે. જે 5 નવેમ્બર, 2013ના રોજ શરૂ થયું હતું. જે તેના પ્રથમ પ્રયાસમાં 24 સપ્ટેમ્બર, 2014ના રોજ મંગળની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક દાખલ થયું હતું.

બેંગલુરુ-મુખ્ય મથક ભારતની રાષ્ટ્રીય અવકાશ એજન્સીના અધિકારીઓના જણાવ્યાં અનુસાર, માર્સ ઓર્બિટર મિશન મુખ્યત્વે એક ટેકનોલોજી પ્રદર્શન સાહસ છે અને આ મિશનના તમામ ઉદ્દેશો સફળતાપૂર્વક પૂરા કર્યા છે.

જેનાથી ઇસરોના વૈજ્ઞાનિકોમાં ભાવિ આંતરગ્રહીય મિશન હાથ ધરવા માટે વિશ્વાસ વધ્યો છે.

ઇસરો અવકાશયાન અને તેના પાંચ વૈજ્ઞાનિક ઉપકરણનું સતત નિરીક્ષણ કરી રહ્યું છે અને અધિકારીઓએ જણાવ્યું હતું કે, માર્સ ઓર્બિટર મિશનના અવકાશયાનમાંથી મળતા ડેટાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ ચાલુ છે.

માર્સ ઓર્બિટર મિશનના પ્રોગ્રામ ડાયરેક્ટર એમ અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે, અવકાશયાનના 'ફરતા તત્વોને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે અને કેટલીક રીડન્ડન્સીઝ આપણે બદલવી પડશે.

અન્નાદુરાઈએ કહ્યું કે, અવકાશયાનનું હેલ્થ ખૂબ સારું છે અને તેણે સાત વર્ષ પૂરા કર્યા છે. તેઓ અપેક્ષા રાખે છે કે, અવકાશયાનનું મિશન હજુ એક વર્ષ ચાલી શકે છે.

પૃથ્વીના રિમોટ-સેન્સિંગ ઉપગ્રહો સામાન્ય રીતે સાતથી નવ વર્ષનું મિશન જીવન ધરાવે છે. તે નોંધતા તેમણે કહ્યું કે, આ ખૂબ જ સંતોષકારક ક્ષણ છે કે ભારત મંગળની આસપાસ આટલા લાંબા ગાળા માટે કાર્યરત રહી શકે તેવા અવકાશયાનને પણ સ્થાપિત કરી શકે છે.

# આઈસલેન્ડમાં મહિલાઓની બહુમતી ધરાવતી સંસદ ચૂંટાઈ

**મહિલાઓએ** 63 બેઠકોની સંસદમાં 33 બેઠકો મેળવીઃ પુરુષો કરતા મહિલા સાંસદોનું વધુ પ્રમાણ ધરાવતી વિશ્વની પ્રથમ સંસદ

રેકજાવિક (આઈસલેન્ડ), તા.26: ઉત્તર એટલાન્ટિક ટાપુ આઈસલેન્ડ રાષ્ટ્રમાં જાતિગત સમાનતા માટે સીમાચિહ્નરૂપ સ્ત્રી બહુમતીવાળી સંસદ ચૂંટાઈ છે. વિશ્વમાં સંભવતઃ આ પ્રથમ જ વખત એવું બન્યું છે કે કોઈ દેશમાં મહિલાઓ વધુ પ્રમાણમાં હોય તેવી સંસદ બની હોય.

રવિવારે તમામ મતોની ગણતરી કરવામાં આવ્યા બાદ, મહિલાઓએ આઈસલેન્ડની 63 બેઠકોની સંસદ, અલથિંગમાં 33 બેઠકો પર જીત મેળવી હતી.

વડા પ્રધાન કેટરિન જેકોબ્સડોટિરના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારમાં ત્રણ પક્ષોએ શનિવારના મતદાનમાં કુલ 37 બેઠકો જીતી હતી, જે ગત ચૂંટણી કરતા બે વધુ હતી અને સત્તામાં બની રહેવાની શક્યતા દેખાઈ હતી.

ડાબેરી પક્ષો માટે નબળા પરિણામ હોવા છતાં મહિલાઓ માટે સીમાચિહ્ન સારા પરિણામ આવ્યા હતા. જ્યાં મહિલા ઉમેદવારો મોટેભાગે આગળ હોય છે.

રાજકારણના પ્રોફેસર સિલ્જા બારા ઓમરસ્ડોટિરે જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકાથી ડાબેરી પક્ષો દ્વારા અમલમાં મુકવામાં આવેલા જાતિગત કોટા આઈસલેન્ડના રાજકીય ક્ષેત્રે એક નવો ધોરણ બનાવવામાં સફળ રહ્યો છે.

તેણીએ કહ્યું કે, ઉમેદવારોની પસંદગી કરતી વખતે જાતિગત સમાનતાને અવગણવી તે હવે સ્વીકાર્ય નથી.

# મહિલાઓએ ન્યાયતંત્રમાં 50 ટકા અનામતની માગ કરવી જોઈએઃ ચીફ જસ્ટિસ

**મહિલાઓ** આ અનામત માટે હકદાર છે, આ હકની બાબત છે કોઈ દાનની બાબત નથીઃ સીજેઆઇ

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): ભારતના ચીફ જસ્ટિસ એન વી રમણાએ રવિવારે મહિલા વકીલોને ન્યાયતંત્રમાં 50 ટકા અનામતની તેમની માગણી મજબૂતીથી ઉઠાવવા આહ્વાન કર્યું હતું અને તેમને પોતાનો પૂરો ટેકો હોવાની ખાતરી આપી હતી.

'હું નથી માગતોકે તમે રડો પણ રોષે ભરાઈને તમારે બૂમો પાડવી પડશે અને માગણી કરવી પડશે કે અમને 50 ટકા અનામત જોઈએ છે', એમ તેમણે કહ્યું હતું.

સીજેઆઈએ કહ્યું હતું હજારો વર્ષોના દમનનો આ મુદ્દો છે અને મહિલાઓ આ અનામત માટે હકદાર છે. આ હકની બાબત છે કોઈ દાનની બાબત નથી.'

તેમણે વધુમાં ઉમેર્યું હતું, 'હું કહેવા માગુ છું કે દેશમાં સમસ્ત લૉ કોલેજોમાં મહિલાઓ માટે ખાસ ટકાનું અનામત હોવું જોઈએ જેથી તેઓ ન્યાયપાલિકામાં જોડાઈ શકે'. સર્વોચ્ચ અદાલતની મહિલા વકીલોએ નવા નિયુક્ત થયેલા 9 જજોના સન્માનમાં (જેમાં 3 મહિલા જજ પણ સામેલ છે) એક સમારંભ આયોજિત કર્યો હતો જેમાં સીજેઆઈ સંબોધન કરી રહ્યા હતાં.

## ભ્રષ્ટ અધિકારીઓને કાઢવાની ઝુંબેશ

સામાન્ય રીતે સત્તાધારી સરકારી અધિકારીઓ અને અમલદારો પર પોતાનો દબદબો બતાવવા માટે પ્રયાસ કરતાં રહે છે. પરંતુ, વર્તમાન સરકાર એક અલગ હેતુ સાથે અલગ વિમાનમાં ઉડાન ભરી રહી હોય તેવું લાગે છે. અન્ય સરકારો જે કરી રહી હતી, તેને વર્તમાન વ્યવસ્થામાં પલટી દેવામાં આવ્યું છે. અમલદારો સાથે વ્યવહારમાં પણ આવું જ છે.વર્તમાન કેન્દ્ર સરકાર પાસે અમલદારો સાથે વ્યવહાર કરવાની એક વિચિત્ર રીત છે અથવા જેને 'ભારતની સ્ટીલ ફ્રેમ' તરીકે ઓળખવામાં આવે છે. તો, એવું શું છે?સરકાર ઢીલા અને ભ્રષ્ટ અધિકારીઓને ઊંઘમાંથી બહાર કાઢવામાં વિશ્વાસ ધરાવે છે અને જો તેઓ જાગતા નહીં, તો તેમને બહાર કાઢવા એ સંભવિત કાર્યવાહી છે. તેનાથી વિપરીત જેઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવે છે તેમને સન્માનીત અથવા પુરસ્કાર આપવામાં આવે છે.અંતિમ વિશ્લેષણમાં અમલદારો માટે સરકારે અપનાવેલી નીતિ ખંજરની નીતિ છે.આ માનસિકતાનો એક નમૂનો તાજેતરમાં કેન્દ્રીય સાંસ્કૃતિક બાબતોના મંત્રાલયમાં જોવા મળ્યો હતો. જ્યારે સરકારે એક નવા કાર્યભાર માટે નિવૃત્તિના બે વર્ષ પછી સારી કામગીરી ધરાવતા અધિકારીને પરત બોલાવ્યા હતો.

સા રે ગ મ
અનિલ આનંદ

## ખેડૂતો માટે આગળ કૂવો, પાછળ ખાઇ?

શું ખેડૂતો છેલ્લા ત્રણ મહિનાથી ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ સામે વિરોધ કરી રહ્યા છે? શું તેઓ ઊંડા સમુદ્ર વિરુદ્ધ ડેવિલ સિન્ડ્રોમમાં ફસાઈ ગયા છે. જ્યારે અમુક રાજકીય પક્ષો ખેડૂતોના આંદોલનને બમ્પર પાકની જેમ આશા સાથે જોઈ રહ્યા છે કે તેનાથી તેમને ચૂંટણીમાં લાભ થશે. ત્યારે, ખેડૂતો તમામ રાજકીય સ્તરોથી બચવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હોય તેવું લાગે છે. પરંતુ, ખાસ કરીને જ્યારે ભાજપ માટે બંદૂક ચલાવનારા વિપક્ષી દળોએ ખેડૂતો સાથે સંપૂર્ણ રીતે જોડાણ કરી દીધું છે.તેમ છતાં, ખેડૂતો સરકાર સાથે નવો સંવાદ શરૂ કરવા માટે ઓછામાં ઓછો કોઈ રસ્તો શોધીને આ મૂંઝવણમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે. એવું લાગે છે કે, વન-અપ-મેનશીપની રમત સરકાર તરફથી સંપૂર્ણ પ્રદર્શનમાં છે.ખેડૂતો જેટલો વધુ સંવાદ માટે પ્રયત્ન કરી રહ્યા છે, તેટલું જ સરકારી પક્ષ અનિચ્છા બતાવી રહ્યું છે. જેનાથી વાટાઘાટો માટે આવવા માટે ખેડૂતોની નિરાશામાં વધારો કરી શકે છે. બીજી તરફ પક્ષ તેમની રીતે, પોતાના સ્તરે પણ એક અલગ રમત રમી રહ્યો છે અને તે કોઈપણ નવી ચર્ચાના પરિણામોની શક્યતાઓ અંગે ચર્ચા કરવા તૈયાર નથી.

"ગુજરાતમિત્ર"ના ૧૫૯માં સ્થાપના દિવસની શુભકામના
એડવાન્સ્ડ ડાયાબિટીસ સેન્ટર
એડવાન્સ્ડ ડાયાબિટીસ સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ
301-302 ત્રીજો માળ (ફ્લોર), માઈલ સ્ટોન લિઓન, અઠવાગેટ, નાનપુરા, સુરત-395001.
ફોન : +91 261 2600100 Email : info@advanceddiabetescentre.com
Web : www.advanceddiabetescentre.com

"ગુજરાતમિત્ર"ના 159 વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન
ઈલ્યાસ ડી. પટેલ

Best Compliments To Gujaratmitra
SONAL M. SHARMA
ADVOCATE
Email : advocatesonalsharma208@gmail.com
11, 3rd Floor, Hiral Arcade,
Opp. New Court Athwalines, Surat - 395007.